# :: જાહેરનામું ::

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ

ક્રમાંક :એસ.બી./રાજકીય/સિકયુરીટી અંગેનું જાહેરનામું/૧૪૯/૨૦૧૬.

સુરત શહેરમાં શાંતિ અને સલામતી જાળવવા અને પ્રદૂષણ રહીત વાતાવરણ રાખવા તથા પ્રાઇવેટ સિકયુરીટી એજન્સીના માણસો લાયસન્સવાળા હથિયારો જાહેર જગ્યામાં લઇ ફરે છે અને લોનના હપ્તા ઉઘરાવવા, જમીનના વિવાદોમાં જઇ લાયસન્સવાળા હથિયારોનો ઉપયોગ પણ કરે છે. આવા ઘણા ખરા હથિયારો બીજા રાજયમાંથી ઓલ ઇન્ડીયા લાયસન્સ મેળવી સુરત શહેરમાં મુખ્યત્વે ઉપયોગ કરે છે. બિનજરૂરી કારણ વગર આડેધડ પોતાના હથિયારથી ફાયરીંગ કરવાના બનાવો બનવા પામેલ છે. તેમજ જે સ્થળે આવા સિક્યુરીટી ગાર્ડ ફરજ બજાવતા ત્યારે ફરજ દરમ્યાનમાં કારખાના માલિકનો વિશ્વાસ કેળવી કારખાનામાંથી ચોરી, લુંટ વિગેરે પ્રકારના મિલ્કત સંબંધી ગંભીર ગુનાઓ આચરેલ છે. આવા પરપ્રાંતિય હથિયાર ધારક બનાવટી લાયસન્સથી હથિયારો મેળવી સીકયુરીટી ગાર્ડ તરીકે ફરજ બજાવતા હોવાના પણ ગંભીર ગુનાઓ આચરેલછે. જેના લીધે જાહેર સલામતી અને શાંતિ જોખમાય છે. જેથી જાહેર જનતાની શાંતિ અને સલામતી જાળવવા સારૂ.

વાસ્તે હું સતીશ શર્મા, આઇ.પી.એસ. પોલીસ કમિશ્નર,સુરત શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૭/૧/૧૯૮૯,ના સંકલીત જાહેરનામા નં.જીજી/ફકઅ/૦૮૮/૬૭૫૦/મ. અન્વયે જે ફોજદારી કાર્યરીતી અધિનિયમ-૧૯૭૩ ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

(૧) સુરત શહેર પોલીસ કમિશ્નરેટ વિસ્તારમાં ખાનગી સિક્યુરીટી કંપની ચલાવતા સંચાલકોએ તેઓની કંપનીમાં બિનહથિયારી તથા હથિયારી પરપ્રાંતિય ગાર્ડની વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશનમાં આપવાની રહેશે. પરપ્રાંતિય હથિયારી ગાર્ડના હથિયાર લાયસન્સનું વેરીફીકેશન એસ.ઓ.જી. શાખા મારફતે અથવા પોલીસ સ્ટેશન મારફતે કરવામાં આવે તે દરમ્યાન નોટીસ મળ્યેથી અથવા માંગણી કરવાથી હથિયારી ગાર્ડ તથા તેનું હથિયાર તથા લાયસન્સ જે તે સિક્યુરીટી કંપની કે ખાનગી પેઢી / ફેકટરી વિગેરે સ્થળોના માલિકે રજુ કરવાની જવાબદારી તેઓની રહેશે.

<u>મુદ્દા નંબર : ૧ ની માહીતી નીચે દર્શાવેલ કોલમ વાઇઝ આપવાની રહેશે.</u>

| અ. નં. | વિગત | | |
|---|---|---|---|
| ૧ | સિક્યુરીટી અથવા પેઢી ફેકટરીનું નામ, માલિકનું નામ, સરનામું તથા ટેલીફોન નંબર | :- | |
| ૨ | પર પ્રાંતિય સિક્યુરીટી ગાર્ડ હથિયારી/ બિન હથિયારીના નામ તથા વતનનું સંબંધકર્તા પો.સ્ટે.નું નામ, હાલનું સરનામું ટે.ફો. નંબર | :- | |
| ૩ | સિક્યુરીટી ગાર્ડ તથા હથિયારી ગાર્ડ જે સ્થળે ફરજ બજાવતો હોય તે સ્થળનું નામ તથા સરનામું ટેલી. નંબર | :- | |
| ૪ | નોકરીએ રાખ્યાની તારીખ | :- | |
| ૫ | કોના રેફરન્સ પરિચયથી નોકરીએ રાખેલ છે તે સ્થાનિક રહીશનું પુરૂનામ, સરનામું | :- | |
| ૬ | હથિયારી તથા ગનમેનના લાયસન્સ ની વિગત તથા ગનની વિગત | :- | |
| ૭ | લાયસન્સ ની માન્ય એરીયા તથા રીન્યુ તારીખ | :- | |
| ૮ | સિકયુરીટી ગાર્ડનો ફોટો | :- | |

**:: <u>અમલવારીનો સમય</u> ::**

આ હુકમ તારીખ :૧૧/૧૨/૨૦૧૬ ક-૦૦/૦૦ થી તારીખ : ૦૮/૦૨/૨૦૧૭ ક-૨૪/૦૦ સુધી માટે અમલમાં રહેશે.

## :: હદ વિસ્તાર ::

સુરત શહેર પોલીસ કમિશ્નર હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર

## :: શિક્ષા ::

આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સહિંતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

તમામને વ્યક્તિ રીતે નોટીસની બજવણી કરવી શકય ન હોઇ આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ- ૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તારીખ : ૦૮/૧૨/૨૦૧૬ નાં રોજ મારી સહી અને સિક્કો કરી આપેલ છે.

**(સતીશ શર્મા)**
**પોલીસ કમિશ્નર**
**સુરત શહેર**

**પ્રતિ,**

(૧) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, રેન્જ-૧, તથા ટ્રાફિક અને ક્રાઇમ સુરત શહેર.
(૨) સંયુકત પોલીસ કમિશ્નરશ્રી, રેન્જ-ર, સુરત શહેર.
(૩) નાયબ પોલીસ કમિશ્નરશ્રી, તમામ સુરત શહેર.
(૪) મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી,તમામ સુરત શહેર.
(૫) તમામ પો.સ્ટે. ઇન્ચાર્જશ્રીઓ, સુરત શહેર (નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ.)
(૬) તમામ શાખા ઇન્ચાર્જશ્રીઓ સુરત શહેર.
(૭) કંટ્રોલ ઇન્ચાર્જશ્રી, સુરત શહેર (તમામ વર્તમાનપત્રો તથા ન્યુઝ ચેનલોને એક એક નકલ આપવી)

**સવિનય નકલ રવાના** :-

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગાંધીનગર.
(૨) પોલીસ મહાનિર્દેશકશ્રી અને પોલીસ મહાનિરીક્ષકશ્રી, ગુ.રા., ગાંધીનગર.
(૩) અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી (ઇન્ટે.) ગુ.રા., ગાંધીનગર.
(૪) પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર, રાજકોટ શહેર/વડોદરા શહેર
(૫) પોલીસ મહાનિરીક્ષકશ્રી સુરત રેન્જ,સુરત
(૬) કલેકટરશ્રી, સુરત શહેર.
(૭) મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, સુરત શહેર
(૮) નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રી, (ઈન્ટે.) સુરત રીજીયન, સુરત
(૯) પોલીસ અધિક્ષકશ્રી, સુરત રૂરલ.
(૧૦) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા., ગાંધીનગર.
(૧૧) જીલ્લા સરકારી વકીલશ્રી, સેસન્સ કોર્ટ, સુરત.
(૧૨) મેનેજરશ્રી, ગર્વનમેન્ટ પ્રેસ વડોદરા, (ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ).
(૧૩) પો.ઈન્સ.શ્રી, સુરત રેલ્વે પો.સ્ટે.
(૧૪) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા., સોલા રોડ, અમદાવાદ.
(૧૫) રજીસ્ટ્રારશ્રી, ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, સુરત.
(૧૬) રજીસ્ટ્રારશ્રી, ચીફ જયુડીશ્યલ મેજી.શ્રી કોર્ટ, સુરત.
(૧૭) રજીસ્ટ્રારશ્રી, એડીશનલ સેશન્સ જજ કોર્ટ, સુરત.
(૧૮) વધારાના એકઝીકયુટીવ, સુરત શહેર.(નાનપુરા બહુમાળી સુરત.)
(૧૯) સબ ડીવીઝનલ મેજી.શ્રી, સીટી પ્રાંત. (જીલ્લા સેવા સદન, અઠવાલાઇન્સ, સુરત.)
(૨૦) સંયુકત માહીતી નિયામકશ્રી, સુરત
( સ્થાનિક વર્તમાનપત્રો, આકાશવાણી તથા દુરદર્શન કેન્દ્રમાં પ્રસિધ્ધ કરવા સારૂ.)